*બોલતાં જીવનો*



ખ્રિસ્તની નેત્રહીન સ્વપ્નદ્રષ્ટા

# ફેની જે. ક્રોસ્બી

**ખ્રિસ્તી ઇતિહાસમાં સૌથી વધુ ફળ આપનાર ગીતકર્તા**



**જોસેફ બેન્જામીન**

રાખ મને સ્તંભ પાસે, હે પ્રભુ (ભ.સં. ગીત નં. ૩૪૬)
"I am thine O Lord"

✽ ✽ ✽

થંભની માંય, થંભની માંય, હું હરખાઉં સદા
(વધસ્તંભ પાસ રાખ મને... ભ.સં. ગીત નં. ૩૬૨)
"Jesus keep me near the cross."

✽ ✽ ✽

એ જ મારી વાર્તા, એ જ મારું ગીત;
(ભ.સં. ગીત નં. ૩૬૭) "Blessed Assurance"

✽ ✽ ✽

"દરેક દિન, દરેક પળ, આપ તારું શુદ્ધ કરનાર બળ;
(ભ.સં. ગીત નં. ૩૧૯)
"Saviour, more than life to me."

✽ ✽ ✽

ઈસુને હાથ સલામત, તેના રાંક ઉરે શાંત
(ભ.સં. ગીત નં. ૪૨૦)
"Safe in the arms of Jesus."

✽ ✽ ✽

મુજને ન ટાળ, નમ્ર તારનાર, સુણ મુજ દીન પોકાર,
(ભ.સં. ગીત નં. ૩૧૧)
"Pass me not, O gentle Saviour."

✽ ✽ ✽

નાશ પામતાંને બચાવ, મરતાંને સંભાળ
(ભ.સં. ગીત નં. ૨૩૭)
"Rescue the perishing."

✽ ✽ ✽


ખ્રિસ્તી જીવનને આનંદ, શાંતિ અને ખાતરીથી ભરી દેતાં મથાળે જમણી બાજુ આપવામાં આવેલાં વિખ્યાત ગીતો વર્ષોથી આપણી ભક્તિસભાઓમાં ઉત્સાહભેર ગવાય છે. આ અદ્‌ભુત ગીતોને અંતે જો તમે ઝીણા અક્ષરોમાં છપાયેલું ગીતના કર્તાનું નામ વાંચો તો ત્યાં તમને ફેની જે. ક્રોસ્બી લખેલું જોવા મળશે. **"પૂરી આધીનતા, પૂરો છે હર્ષ, તેથી જોઉં છું ગૌરવી દર્શ;"** એ શબ્દો લખનાર ગીતકર્તા નેત્રહીન હશે તેવી તો કલ્પના પણ ક્યાંથી આવે? ફેની ક્રોસ્બીએ આ અને બીજાં આઠ હજાર કરતાં પણ વધુ ભક્તિ-ગીતો પોતાના જીવનકાળ દરમિયાન લખ્યાં. આંખોએ જોઈ શકનાર કોઈ ગીતકાર માટે પણ જે અજાયબ જેવી સિદ્ધિ ગણાય તેવી સિદ્ધિ બચપણથી અંધ એવાં ફેની ક્રોસ્બીએ મેળવી! સેવાકાર્યને માટે અસાધારણ (extra-ordinary) વ્યક્તિઓને શોધવાને બદલે, લોકનજરમાં નિર્બળ કે વિકલાંગ ગણાય તેવી વ્યક્તિઓને પણ પસંદ કરીને, ઈશ્વરપિતા તેમનો અદ્‌ભુત ઉપયોગ કરે છે તે ફેની ક્રોસ્બીનું જીવન પુરવાર કરે છે. બોલતાં જીવનોની આ શ્રેણીમાં અત્યાર સુધી આપણે જે પાત્રોને ઓળખ્યાં છે, તેમાંના મોટાભાગના સેવકો અસહ્ય ગરીબી ભોગવી હોય તેવા, ખૂબ જ ઓછું ભણતર ધરાવતા, અનાકર્ષક દેખાવના, જૂના માણસપણામાં ભયંકર કુટેવો ધરાવતા, ઘણાં બધાં ક્ષેત્રોમાં નિષ્ફળ ગયેલા, એવી વિવિધ અસાધારણ પશ્ચાદભૂમિકાઓ ધરાવતા હતા. ઈશ્વરે જાણે કે તેમને ઊંચકીને ઉચ્ચત્તમ આત્મિક સ્તરે પહોંચાડ્યા હોય તેવા, આ બધાં જ પાત્રો જણાયાં છે. ફેની ક્રોસ્બી જેવી દૃષ્ટિહીન વ્યક્તિને અનેક મર્યાદાઓ હોય છે. તેમ છતાં ઈશ્વર તેમનો કેટલો અદ્‌ભુત ઉપયોગ કરે છે તે જાણ્યા બાદ આપણે જરૂરથી પડકાર પામીશું.

જોન અને મર્સી ક્રોસ્બીની પુત્રી ફ્રાન્સેસ જેન (ફેની) ક્રોસ્બીનો જન્મ, ૨૪મી માર્ચ, ૧૮૨૦ના રોજ, ન્યૂયોર્ક (અમેરિકા)ની પુટનામ કાઉન્ટીનાં સાઉથ-ઈસ્ટ નામના ગામમાં થયો હતો.

ફેની જ્યારે દોઢ મહિનાની બાળકી હતાં ત્યારે તેમને આંખની એક સાધારણ બીમારી થઈ. તેમની નિયમિત સારવાર કરનાર ડોક્ટર બહારગામ ગયા હતા. આથી, એક અન્ય દેશી ડોક્ટરને સારવાર માટે બોલાવવામાં આવ્યા. આ ડોક્ટરે ફેનીની આંખો ઉપર રાઈના

પાઉડરનો લેપ (મસ્ટર્ડ - પોટીસ) મૂકવાની સલાહ આપી. આ જલદ લેપની સારવારે, ફેનીની દૃષ્ટિ હંમેશને માટે છીનવી લીધી. પાછળથી જાણ થઈ કે આ ડોક્ટર તો કોઈક ઊંટવૈદ હતો અને કોઈપણ જાતની તબીબી લાયકાત ધરાવતો નહતો. ફેનીનો કિસ્સો બન્યા બાદ હંમેશને માટે તે ગામ છોડીને નાસી ગયો. ફેનીને જીવનભર આ વ્યક્તિ માટે કદી પણ ગુસ્સો ન આવ્યો. તેઓ માનતા કે ઈશ્વર પોતાની ઇચ્છા ફેનીના જીવનમાં પરિપૂર્ણ કરે તે માટે જ આમ બન્યું હતું! *"જેઓ ઈશ્વરના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને એકંદરે સઘળું હિતકારક નીવડે છે." (રોમન ૮:૨૮)* એ વચનનું ફેની ક્રોસ્બી પોતાને સચોટ ઉદાહરણ માનતાં!

ફેની જ્યારે ફક્ત એક વર્ષની ઉંમરના હતાં ત્યારે તેમના પિતા જોનનું મૃત્યુ થયું. તેમની માએ લોકોનાં ઘરોમાં ઘરકામ કરીને ફેનીને ઉછેર્યાં. ફક્ત ઉછેર્યાં જ તેમ નહીં પણ દૃષ્ટિહીન હોવા છતાં આનંદિત જીવન ગાળી શકાય તે માટે તૈયાર કર્યાં. મિત્રો અને પડોશીઓએ નાણાં ઊભાં કરીને ફેની તથા તેની માને અમેરિકાના તે સમયના આંખોના શ્રેષ્ઠ ડોક્ટર વેલેન્ટાઈન મોટ્ટ પાસે મોકલ્યાં. ડોક્ટરે અભિપ્રાય આપ્યો કે ફેની કદી પણ જોઈ શકશે નહીં. નાનકડી ફેનીને આંખો ગુમાવ્યાનો રંજ નહોતો પણ અન્ય બાળકોની જેમ પોતે અભ્યાસ નહીં કરી શકે તેનો અફસોસ હતો.



**ઈરા ડી. સેન્કી સાથે ફેની ક્રોસ્બી**

આઠ વર્ષની ઉંમરે ફેનીએ પ્રથમ કવિતા લખીઃ

*ઓ કેટલો આનંદિત આત્મા છું હું!*
*જો કે હું જોઈ ન શકું,*
*તો પણ નક્કી કર્યું છે મેં આ જગતમાં સંતુષ્ટ રહીશ હું.*

ફેનીની મા ઘર ચલાવવાને માટે મહેનત કરવામાં વ્યસ્ત રહેતી હતી. આથી ફેનીના જીવન ઉપર તેના દાદીના જીવનની સૌથી વધુ અસર પડી. તેના દાદી કલાકો સુધી તેની સામે પૃથ્વીના કુદરતી સૌંદર્ય અને સ્વર્ગનું અદ્‌ભુત વર્ણન કરતાં. દાદીએ જ તેમને બાઇબલ તરફ આકર્ષ્યાં. ફેનીની સ્મૃતિ આશ્ચર્યજનક અને ફોટોગ્રાફિક મેમરી જેવી હતી. એક અઠવાડિયામાં બાઇબલના ચારથી પાંચ અધ્યાયો તે મોઢે કરતાં. આમ ખૂબ જ નાની વયે તેમણે જૂના કરારના પ્રથમ પાંચ પુસ્તક અને ચારેય સુવાર્તાઓ, નીતિવચનો, ગીતોનું ગીત અને મોટા ભાગનું ગીતશાસ્ત્ર અક્ષરશઃ કંઠસ્થ કરી લીધા હતા.

બાળક તરીકે ફેનીની એક જ અભિલાષા હતી - શિક્ષણ પામવું. માનવીય જ્ઞાનનો જે મોટો જથ્થો વિશ્વભરમાં ઉપલબ્ધ હતો તેમાંથી શક્ય તેટલો વધુ પામી લેવાની - શીખી લેવાની તેમને અદમ્ય ઇચ્છા હતી. સમય જતા આ ઇચ્છા જ તીવ્ર મનોકામના બની ગઈ. ફેની પોતાનો સમય પોતાના નાનકડા પાળેલા ઘેટા સાથે અને મકાનમાલિકના ગુલાબના બગીચામાં ગાળતાં. ત્યાં તે બાઇબલની કલમો વિષે વિચાર કરવામાં અને મોઢે કરેલી કલમો-અધ્યાયો બોલવામાં પણ સમય ગાળતાં. બગીચામાં એક મોટા પથ્થર ઉપર સાંજના સમયે બેસીને પક્ષીઓના અવાજ અને નજીકમાં આવેલ ધોધનો અવાજ સાંભળીને, આકાશની અને સૃષ્ટિની સુંદરતાની કલ્પનાઓ કરતાં. નવ વર્ષની ઉંમરે તેમના દાદીની આરામખુરશી પાસે બેસીને તેમણે પ્રભુને પોતાના શિક્ષણ માટે કોઈ માર્ગ ખોલવા આગ્રહભરી પ્રાર્થના કરી. આ પ્રાર્થનાનો જવાબ ચાર વર્ષ બાદ મળ્યો. 'ન્યૂયોર્ક ઇન્સ્ટિટ્યૂશન ફોર ધી બ્લાઈન્ડ'માં ફેનીને પ્રવેશ મળ્યો. પંદર વર્ષની ઉંમરે ૩જી માર્ચ ૧૮૩૫ના રોજ, ફેની પોતાની વહાલસોઈ માને છોડીને ખૂબ જ ભારે હૃદયે, પરંતુ શિક્ષણ, પામવાને માટે કોઈ પણ ભોગ આપવાના મક્કમ નિર્ધાર સાથે ન્યૂયોર્ક જવા નીકળ્યાં. આ સંસ્થા સાથે તે ત્રેવીસ વર્ષ સુધી સંકળાયેલાં રહ્યાં. આઠ વર્ષ વિદ્યાર્થિની તરીકે અને પંદર વર્ષ શિક્ષક તરીકે. અહીં તેમણે બાઇબલ, ગદ્ય-પદ્ય સાહિત્ય, અંગ્રેજી, ઈતિહાસ, ફિલસૂફી અને વિજ્ઞાનનો

## ફેની ક્રોસ્બી – વ્યક્તિત્વ

- નેત્રહીન ફેની ક્રોસ્બી કહેતાં કે, જો આવતી કાલે મને દૃષ્ટિ પાછી મળતી હોય તો હું તે ન સ્વીકારું. હું માનું છું કે ઈશ્વરની અદ્‌ભુત યોજના અને કૃપાને કારણે જ હું દૃષ્ટિવિહીન છું. જો હું જોઈ શકતી હોત તો મારી અને દુનિયાની રસિક અને સુંદર બાબતો જોવાને કારણે મારું ધ્યાનભંગ થાત અને હું કદી પણ ઈશ્વરની સ્તુતિને અર્થે ગીતો ગાઈ કે લખી શકત નહીં.
- પોતાના જીવનકાળ દરમિયાન અમેરિકાની સૌથી જાણીતી સ્ત્રી હોવાનું ગૌરવ ફેની ક્રોસ્બીને મળ્યું હતું.
- દારૂની લતમાંથી તથા કેદમાંથી છૂટેલા લોકો મધ્યે પ્રભુનું કાર્ય થાય તેમાં ફેની ક્રોસ્બી સક્રિય ફાળો આપતાં. 'મુજને ન ટાળ; નમ્ર તારનાર' એ ગીત ફેનીની એક સભા દરમિયાન એક દારૂડિયાએ કરેલા બચાવના પોકાર 'ઓ પ્રભુ મને ન ટાળતો' ઉપરથી પ્રેરણા પામીને ફેનીએ લખ્યું હતું.
- ફેની અને એલેકઝાંડર વાન એલ્સ્ટાઈનનાં ૪૪ વર્ષના લાંબા લગ્નજીવનમાં એલેકઝાંડરે હંમેશા ફેનીને ગીતકાર તરીકે પાછળ પતિના નામ - 'શ્રીમતી ફ્રાન્સેસ જેન વાન એલ્સ્ટાઈન'ને બદલે પોતાનું મૂળ નામ ફેની જે. ક્રોસ્બી વાપરવાનો આગ્રહ કર્યો, કારણ કે અગાઉ પ્રગટ થયેલા ફેનીના કાવ્યસંગ્રહોને કારણે લોકો ફેનીને તે નામથી ઓળખતા હતા. એલેકઝાંડર એક નમ્ર વ્યક્તિ અને કુશળ સંગીતકાર હતા.
- અમેરિકાની સંસદ (સેનેટ)માં વક્તવ્ય આપનાર સૌ પ્રથમ સ્ત્રી તરીકેનું બહુમાન ફેની ક્રોસ્બીને જાય છે. ફક્ત જ્યોર્જ વોશિંગ્ટન સિવાય પોતાના જીવનકાળ દરમિયાન થઈ ગયેલા એકેએક અમેરિકી પ્રમુખની સાથે ફેનીને અંગત સંબંધો હતા.
- ફેની એક ગીત લખવા માટે ફક્ત બે ડોલરની ફી લેતા જે મોટા ભાગે ગરીબો મધ્યેના તેમનાં કાર્યોમાં વપરાતાં.
- ફેનીએ કહ્યા મુજબ તેમને સ્વપ્નમાં "એદનના સુંદર સરોવર"ને પેલે પાર "આશીર્વાદિત માતૃભૂમિ"નું દર્શન થતું. આ ભવ્ય દર્શન તેમને ગીતો લખતી વખતે પ્રેરણા આપતું.
- ફેનીની અદ્‌ભુત સ્મરણશક્તિ તેમને ઈશ્વર તરફથી મળેલી સર્વોત્તમ ભેટ હતી. વ્યક્તિઓ, પ્રસંગો, કલમો, પોતાની તેમ જ અન્ય ગીતકર્તાઓની કૃતિઓનું તેમનું સ્મરણ તેમને એક શ્રેષ્ઠ વક્તા પુરવાર કરતું. તેમના મગજમાં હંમેશાં એક અથવા વધુ ગીતોની રચના થયા કરતી, પંક્તિઓ ગોઠવાતી જતી. દિવસો સુધી આ રચના અવિરત ચાલતી અને કૃતિઓ રચાઈને તૈયાર રહેતી. ત્યારબાદ થોડા થોડા દિવસોના અંતરે તેઓ ઢગલો ગીતોના શબ્દો બોલતાં જે તેમના લહિયા લખી લેતા!

ઊંડો અભ્યાસ કર્યો. ગાવામાં નિપુણતા મેળવી. ઓર્ગન, ગીટાર અને પિયાનો વગાડતા શીખ્યાં. સાથે કવિતાઓ લખવાનું ચાલુ રાખ્યું. વીસ વર્ષની ઉંમરે ફેનીને પોતાની સાથે અભ્યાસ કરતા એક દૃષ્ટિહીન યુવાન એલેકઝાન્ડર વાન અલ્સ્ટાઈન સાથે પ્રેમ થયો. એલેકઝાંડર ખૂબ જ સારા વાદ્ય વાદક હતા અને ફેનીનાં કાવ્યોના પ્રશંસક હતા. ફેનીને તેમના સંગીતના સૂર મોહક લાગતા હતા. એલેકઝાંડરે ફેનીની ઘણી બધી કવિતાઓને સ્વરબદ્ધ કરી - બન્નેએ શિક્ષક તરીકે તે જ સંસ્થામાં નોકરી કરી. પંદર વર્ષની લાંબી અને ગાઢ મિત્રતા બાદ ૩૭ વર્ષની ઉંમરે, પાંચમી માર્ચ ૧૮૫૮માં ફેનીએ એલેકઝાંડર સાથે લગ્ન કર્યા. ૪૪ વર્ષનું લાંબું સુમધુર દામ્પત્યજીવન તેઓ જીવ્યાં. ૧૯૦૨માં એલેકઝાંડર મૃત્યુ પામ્યા. લગ્નજીવન દરમિયાન તેમને ફ્રાન્સેસ નામે એક બાળકી જન્મી, જે બાળપણમાં જ મૃત્યુ પામી. ત્યારપછી તેમને કોઈ બાળકો થયા નહીં. તેમના બે કાવ્યસંગ્રહ આ સંસ્થામાંના વસવાટ દરમિયાન અને ત્રીજો કાવ્યસંગ્રહ સંસ્થા છોડ્યાના તુરંત બાદ પ્રકાશિત થયા. પ્રથમ કાવ્યસંગ્રહ "અ બ્લાઈન્ડ ગર્લ એન્ડ અધર પોયમ્સ" ૧૮૪૪માં, 'મોન્ટેરે એન્ડ અધર પોયમ્સ' ૧૮૪૯માં અને 'અ રીથ ઓફ કોલમ્બીયાઝ ફ્લાવર્સ' ૧૮૫૮માં પ્રકાશિત થયા. આ બધી સાહિત્યિક કૃતિઓ

હતી અને તેમાંનાં ઘણાં ગીતો તે જમાનામાં ખૂબ જ વિખ્યાત થયાં. પોતે ધાર્મિક હોવા છતાં, હજી સુધી ફેનીને ખાતરીદાયક અને ખરા બદલાણનો અનુભવ થયો નહોતો અને તેમણે એક પણ સ્તોત્ર (Gospel song / Hymn) લખ્યું નહોતું.

૨૦મી નવેમ્બર, ૧૮૫૦ ફેનીના જીવનકાળનો સૌથી અગત્યનો દિવસ પુરવાર થયો. ૩૦ વર્ષની ઉંમરે આ દિવસે ફેનીનું બદલાણ થયું. એઈટીન્થ સ્ટ્રીટ મેથડિસ્ટ ચર્ચમાં સાંજની સભાઓમાં ફેની નિયમિત રીતે વાદ્યો વગાડતાં. ત્યાં જ તેમને તેમના જીવન ઉપર સૌથી અગત્યનો પ્રભાવ પાડનાર, એવા એક સાચા મિત્ર મિસ્ટર કેમ્પની ઓળખાણ થઈ. પોતાના લગ્ન અગાઉ થયેલી આ મિત્રતા ફેનીના લગ્ન બાદ પણ જીવનભર ટકી રહી. મિસ્ટર કેમ્પ એક ઉમદા વ્યક્તિ અને શિક્ષક હતા. મિસ્ટર કેમ્પ અને ફેની હંમેશાં સાથે જ આ સભાઓમાં ભાગ લેતાં, પણ ધાર્મિક બાબતોમાં તેમણે કદીપણ ફેની ઉપર દબાણ કર્યું નહીં. તેમ છતાં પોતાના બદલાણ માટે જો કોઈ પણ માનવીને યશ આપવો હોય, તો હું મારા આ પરમમિત્ર મિસ્ટર કેમ્પને જ આપું તેમ ફેનીનું કહેવું હતું.

ફેનીને તે દિવસોમાં વિચાર કરી મૂકે તેવું એક વિચિત્ર સ્વપ્ન આવ્યું. આ સ્વપ્નમાં ઘણા દિવસોના વાદળિયા વાતાવરણ બાદ એક દિવસે કોઈકે તેમને આવીને કહ્યું કે મિસ્ટર કેમ્પ તમને તાત્કાલિક મળવા માંગે છે. આથી ફેની એક ઓરડામાં પ્રવેશે છે જ્યાં મિસ્ટર કેમ્પ અતિશય બીમાર અવસ્થામાં હતા. તેમણે પૂછ્યું; "ફેની, શું તું મને સ્વર્ગમાં મળીશ?"

"હા, ઈશ્વરની સહાયથી હું તમને ચોક્કસ મળીશ." ફેનીએ ઉત્તર આપ્યો.

"યાદ રાખજે, તું એક મરતા માણસને વચન આપે છે." - એ કદાચ મિસ્ટર કેમ્પના છેલ્લા શબ્દો હતા અને સ્વપ્ન તૂટી ગયું.

ફેનીના આત્મા ઉપરનાં આવરણો હટવા લાગ્યાં. મિસ્ટર કેમ્પ તો જીવતા હતા પણ ફેનીને વિચાર આવ્યો કે શું સ્વર્ગમાં હું મિસ્ટર કેમ્પ કે અન્ય કોઈપણ ઓળખીતાઓને મળી શકીશ ખરી?

થોડાં અઠવાડિયા બાદ 'થર્ટીએથ સ્ટ્રીટ મેથડિસ્ટ ચર્ચ'માં ધર્મ જાગૃતિની સભાઓ ભરાઈ. હવે નહીં તો ક્યારેય નહીં તેમ વિચારી આ સભાઓ દરમ્યાન ઊભા થઈને ફેની આગળ આવ્યાં. તેમના માટે પ્રાર્થના કર્યા બાદ જ્યારે સભાજનોએ એક ભવ્ય ગીત ગાવાનું શરૂ કર્યું;

*'શું રક્ત વહ્યું, ત્રાતા તારું! શું મુજ રાજા મર્યો!*
*મુજ જેવા કીડાને સારુ યજ્ઞ મહા કર્યો!*

*(ભ.સ. ગીત નં. ૧૧૩)*

અને જ્યારે તેઓ પાંચમા શ્લોકની ત્રીજી લીટીએ પહોંચ્યા;

*અર્પાઉં તને હું આ કાળે*

ત્યારે ફેનીનો આત્મા સ્વર્ગીય અને દિવ્ય પ્રકાશથી છલકાઈ ગયો. 'હાલેલૂયાહ'નો પોકાર કરતાં તે પુષ્કળ આનંદિત થઈ ગયાં. પ્રથમવાર તેમને લાગ્યું કે અત્યાર સુધી તેઓ એક હાથમાં આ દુનિયા અને બીજા હાથમાં પ્રભુને રાખવાનો પ્રયત્ન કરતાં હતાં. કદી પણ જાહેરમાં ન બોલનાર ફેનીએ બીજા અઠવાડિયે જાહેરમાં સાક્ષી આપી. ઈશ્વર તેમને જે પણ સેવા કરવાનું સ્પષ્ટતાથી કહેશે તે કરવાનું વચન તેમણે ઈશ્વરને આપ્યું. થોડા સમય બાદ જાહેરમાં પ્રાર્થના કરાવી. આ પ્રસંગો બાદ તક મળે ત્યારે કદી પણ જાહેરમાં બોલવાનું કે પ્રાર્થના કરાવવાનું તેઓ ચૂક્યાં નહીં.

ડબલ્યુ. બી. બ્રાડબરી નામના સંગીતકાર પોતાની સંગીતની ધૂનોને માટે ધાર્મિક સ્તોત્રો-ગીતો લખી શકે તેવી વ્યક્તિની શોધમાં હતા. ૧૮૬૩માં તેમની ઓળખાણ ફેની સાથે થઈ. ૪૪ વર્ષની ઉંમરે ફેનીએ તેમને માટે પોતાનું પ્રથમ ગોસ્પલ સૉંગ લખ્યું. આ ગીત હતું "વી આર ગોઈંગ". બ્રાડબરીના મૃત્યુપર્યંત ફેની તેમના સંગીત માટે ગીતો લખતાં રહ્યાં. ત્યારબાદ ડો. લોરી, ડો. ડબલ્યુ. એચ. ડોને, ઈરા ડી. સેન્કી વગેરે માટે ગીતો લખ્યાં.


૩૦મી એપ્રિલ, ૧૮૬૮ના રોજ ડો. ડબલ્યુ. એચ. ડોને તેમના ઘરે આવ્યા અને પિયાનો ઉપર ફેનીને સંગીતની એક ધૂન સંભળાવતા કહ્યું કે, "મારી ટ્રેન ઊપડવામાં ૪૦ મિનિટની વાર છે. શું તમે આ ધૂન માટે શબ્દો લખી આપશો?" વીસ મિનિટ સુધી ફેની પોતાના કામમાં લાગી ગયાં. વીસ મિનિટના અંતે તેઓ ગીતના શબ્દો બોલ્યા અને ડો. ડોનેએ તે લખી લીધા. વીસ મિનિટમાં જે ગીત અસ્તિત્વમાં આવ્યું, તે ફેનીના સૌથી વિખ્યાત ગીતોમાંનું એક ગીત; 'ઈસુને હાથ સલામત,

તેના રાંક ઉરે શાંત' (ભ.સ. ગીત નં. ૪૨૦) - "Safe in the arms of Jesus" હતું. ફેની ક્રોસ્બીનું પોતાનું પણ આ સૌથી પ્રિય ગીત હતું. દાયકાઓથી આ ગીત દુનિયાભરની પ્રોટેસ્ટન્ટ તથા રોમન કેથલિક ભક્તિ સભાઓમાં અને દફનક્રિયાઓમાં ગવાય છે.

ડી. એલ. મૂડી અને ઈરા ડી. સેન્કીની જે ભરચક સભાઓ સમગ્ર ઇંગ્લેન્ડ અને અમેરિકામાં થઈ તેમાં ફેની ક્રોસ્બીએ લખેલાં ગીતો ગવાતાં. આ કારણે ફેની ક્રોસ્બી અને તેમનાં ગીતો બન્ને દેશોમાં ખૂબ જ લોકપ્રિય થયાં. મૂડીની સભાઓમાં ઘણી વખત ફેની બોલ્યાં છે અને પોતાનાં ગીતો વાંચ્યાં છે.

બસ્સો જેટલાં ઉપનામોથી ફેની ક્રોસ્બીએ લગભગ ૯૦૦૦ ગીતો પોતાના જીવનકાળ દરમિયાન લખ્યાં અને ૮૦૦૦ થી વધુ ગીતો પ્રકાશિત થયાં. ચાર્લ્સ વેસ્લીના ૪૧૦૦ ગીતો પ્રસિદ્ધ થયાં અને લગભગ ૨૦૦૦ ગીતો હસ્તપ્રત સ્વરૂપમાં જ રહ્યાં. માટે જ કહેવાય છે કે ખ્રિસ્તી યુગ શરૂ થયા બાદ, ફેની ક્રોસ્બીએ કોઈ પણ કરતાં સૌથી વધુ ગીતો, સ્તોત્રો અને કવિતાઓ લખી છે. ફેનીના બધાં જ ગીતો છાપવામાં આવે તો આપણે જે ભજનસંગ્રહ વાપરીએ છીએ તેવા ૧૩થી ૧૪ ભજનસંગ્રહ એકની ઉપર એક મૂકીએ તેટલો જથ્થો થાય! ફેનીનાં હજારો ગીતોમાંથી કેવળ સાત જ ગીતોનો સમાવેશ ભજનસંગ્રહમાં કરવામાં આવ્યો છે! "Some Day the Silver Cord will Break", "Saved by Grace", "Tis the Blessed Hour of Prayer", "Redeemer", "Jesus is calling" વગેરે જેવા ફેની ક્રોસ્બીનાં સેંકડો અદ્‌ભુત ગીતો જગમશહૂર છે.

ગીતો અને સ્તોત્રો દ્વારા પણ આત્માઓ જીતી શકાય છે. ફેનીએ ઈશ્વરપિતા પાસે માંગ્યું હતું કે પોતાનાં ગીતો વડે ૧૦ લાખ કરતાં પણ વધુ લોકોનું તારણ થાય અને તેવું તો કદાચ તેમની હયાતીમાં જ બની ચૂક્યું હતું. ખ્રિસ્તી ઇતિહાસમાં સૌથી વધુ ફળ આપનાર ગીતકર્તા તરીકે ફેની ક્રોસ્બીને ગણવામાં આવે છે. ૧૪૦ વર્ષોથી દુનિયાભરની સેંકડો ભાષામાં કરોડો ખ્રિસ્તીઓને ફેની ક્રોસ્બીનાં ગીતોથી શાંતિ, આનંદ અને આશિષ પ્રાપ્ત થયા છે. પોતાની ૯૫મી વર્ષગાંઠ નજીક હતી ત્યારે જ ૧૨મી ફેબ્રુઆરી ૧૯૧૫ના રોજ જીવનના છેલ્લા દિવસ સુધી પોતાના પ્રભુની આરાધના અને સ્તુતિને માટે પ્રભુને



ફેનીની કબરનો શિલાલેખ

માટે ગીતો રચનાર ફેનીનાં જે નેત્રો જીવનભર બંધ રહ્યાં, તે સ્વર્ગમાં પોતાના વહાલા પ્રભુને મોઢામોઢ જોવાને માટે સદાને માટે ખૂલી ગયાં! તેમની કબર ઉપર 'આન્ટ ફેની' અને 'ઈસુ છે મારો, નક્કી આ વાત, મારા ગૌરવનું બ્યાનું સાક્ષાત;' શબ્દો લખવામાં આવ્યા છે.✍

**જોસેફ બેન્જામીન**


બોલતાં જીવનો
ભાગ ૧ - ૨ - ૩ - ૪
ઉપલબ્ધ છે.
દરેક ભાગની કિંમત
રૂા. ૧૦૦/- છે.
બધા જ ખ્રિસ્તી સાહિત્ય
વિક્રેતાઓ પાસે મળશે.